## શબે બરાતની પૂર્વ સંધ્યાએ ટંકારીઆના લોકો માટે ખાસ સંદેશ.

ટંકારીઆ ગામના ભવ્ય ઇતિહાસ પર નજર કરીએ તો આજે ખરેખર છાતી ઠોકીને ગર્વ સાથે કહી શકાય કે આ ગામના લોકોએ કરેલા અદ્ભુત કારનામાઓની નોંધ દેશ-વિદેશમાં સતત લેવાતી રહી છે. ટંકારીઆ ગામનું કોઈ પણ નાનું કે મોટું કામ આજ સુધી અધૂરું રહ્યું નથી—આપણા ઇતિહાસમાં એવું કોઈ ઉદાહરણ જોવા મળતું નથી. અંજુમન હોસ્પિટલ જેવું મહત્વનું તબીબી કાર્ય હોય, ગુસ્લ વાન જેવી ખિદમત હોય કે ભવિષ્યમાં થનારા તમામ ખૈર અને ભલાઈના પ્રયાસો—આ બધું આપણી એકતા, ભાઈચારા અને ફક્ત અલ્લાહ તઆલા પરના આપણા અટલ વિશ્વાસનું જીવંત પ્રમાણ છે.

અલ્લાહ તઆલા કુરઆન મજીદમાં ફરમાવે છે, જેનો ભાવાર્થ છે:

“જે લોકો અલ્લાહની રાહમાં પોતાના માલમાંથી ખર્ચ કરે છે, તેમનું ઉદાહરણ એવું છે જાણે કે એક દાણો છે જેનાથી સાત કળીઓ ઉગે છે, દરેક કળીમાં સો દાણા છે. અને અલ્લાહ જેને ઇચ્છે તેને વધારે આપે છે. અલ્લાહ વિશાળ કૃપાશીલ અને સર્વજ્ઞ છે.” (સૂરહ અલ-બકરહ: ૨:૨૬૧)

અને બીજી જગ્યાએ ફરમાવે છે જેનો ભાવાર્થ: “તમે ક્યારેય ભલાઈ (બિર્ર) સુધી પહોંચી શકશો નહીં જ્યાં સુધી તમે તેમાંથી ખર્ચ ન કરો જે તમને પ્રિય છે. અને જે કંઈ તમે ખર્ચો છો, અલ્લાહ તેને સારી રીતે જાણે છે.” (સૂરહ આલે ઇમરાન: 3:૯૨)

આપણે જે કંઈ કરીએ છીએ તે માત્ર લોકોના ભલા માટે જ નથી, પરંતુ અલ્લાહની રઝા અને તેની પ્રસન્નતા મેળવવા માટે છે. અલ્લાહ તઆલા આપણા દિલોની નિય્યતોથી સંપૂર્ણ વાકેફ છે. જે રબ માત્ર “કુન” (થઈ જા) કહેવાથી આખી કાયનાતને અસ્તિત્વમાં લાવી શકે છે, તેના

ખજાનામાં ક્યારેય કોઈ કમી કે અછત નથી. અલ્લાહ તઆલાએ ટંકારીઆ ગામના લોકોને અને આખી દુનિયાને ધન-દોલતથી નવાજ્યા છે, અને ઘણા દિલોમાં સખાવત, ઉદારતા અને ખિદમતની તૌફીક પણ અતા કરી છે, ત્યારે આવા એક નહીં પણ અનેક કામો આસાનીથી થઇ જશે.

રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે જેનો ભાવાર્થ: “સદકા (ખૈરાત)થી માલ ઓછો થતો નથી.” (સહીહ મુસ્લિમ)

અને બીજી એક મુબારક હદીસમાં ઇર્શાદ ફરમાવે છે જેનો ભાવાર્થ: “લોકોમાં સૌથી શ્રેષ્ઠ તે છે જે લોકો માટે સૌથી વધુ ફાયદાકારક હોય.” (અલ-મુજમ અલ-ઔસત)

આથી આજે આપણી સૌની સૌથી મોટી જવાબદારી છે કે મારા, તમારા અને આપણા બધાના હિસ્સાની ફરજને પૂરી ઈમાનદારી, નિષ્ઠા અને ખુલૂસથી અદા કરીએ. એકબીજાનો હાથ પકડીને, સહકાર અને ભાઈચારાની મજબૂત ભાવનાથી આગળ વધીએ. ફક્ત અલ્લાહ તઆલા પર પૂર્ણ ભરોસો રાખીને, ગામના દરેક સારા કામમાં સક્રિય ભાગીદાર બનીએ. આવો, સબે બારાત આવી રહી છે ત્યારે ખાસ દુઆ કરીએ અને નક્કી કરીએ કે અલ્લાહ તઆલાની ખાસ મદદથી ટંકારીઆ ગામને ખૈર, ખિદમત, એકતા અને સમગ્ર ગામના લોકોની પ્રગતિનું એક અજોડ કેન્દ્ર બનાવવાની કોશિશ કરીશું. અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે આપણા તમામ પ્રયત્નોમાં બરકત અતા ફરમાવે, ખુલૂસ અતા કરે, આપણી નિય્યતોને કબૂલ કરે, આપણા ગામને વધુ સમૃદ્ધ અને પ્રગતિશીલ બનાવે અને આપણને ફક્ત તેની રઝા મેળવવાની તૌફીક આપે. આમીન, યા રબ્બલ આલમીન. (નોંધ: બિલ્ડીંગ કે વ્હીકલના રજીસ્ટ્રેશન માટે કોઇપણ **એક** નોંધાયેલી સંસ્થા જરૂરી છે)